ભાવનગર મહાનગરપાલિકા
ઘરવેરા વિભાગ (મધ્ય)
સર મંગળસિંહજી રોડ, કાળાનાળા, ભાવનગર.

# પ્રેસનોટ

- ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં મિલ્કત વેરાની ૧૬૯.૬૦ કરોડની ઐતિહાસિક રકમની વિક્રમી વસુલાત આવેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્રથમ વખત ૨ લાખથી પણ વધુ કરદાતાઓ દ્વારા મિલ્કત વેરો ભરપાઇ કરવામાં આવેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં કુલ – ૨,૧૩,૫૧૪ કરદાતાઓ દ્વારા મિલ્કત વેરો ભરપાઇ કરવામાં આવેલ છે જે ગત નાણાંકીય વર્ષ કરતાં ૨૩,૧૧૦ નવા કરદાતાનો વધારો થયેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ૧૬૦.૫૦ કરોડની આવકની સરખામણીએ ૨૦૨૪-૨૫ માં કુલ ૯.૧૦ કરોડનો આવકમાં વધારો થયેલ છે.
- OTIS 1.0 યોજનાની સરખામણીએ ચાલુ નાણાંકીય વર્ષની OTIS 2.0 હપ્તા યોજનામાં ત્રણ ગણા વધુ કરદાતાઓ દ્વારા એટલે કે ૧૨૮૩૩ કરદાતાઓ દ્વારા ભાગ લઈ રૂ. ૭.૫૩ કરોડનો વેરો ભરપાઇ કરેલ છે

વધુમાં, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ નો વેરો તા.૦૩.૦૪.૨૦૨૫ થી કેશબારીઓ તથા ઓનલાઇન માધ્યમથી કરદાતાઓ ભરપાઇ કરી શકશે. જેમાં એપ્રિલ માસ દરમિયાન વેરો ભરપાઇ કર્યેથી મિલ્કત વેરા તથા સફાઇ વેરા પર ૧૦% રીબેટ તથા ઓનાલાઇન પેમેન્ટના કિસ્સામાં વધારાનું ૨ % રીબેટનો લાભ મળવાપાત્ર થશે. આ રીબેટ યોજનાનો મહત્તમ લાભ લઈ મિલ્કત વેરો ભરપાઇ કરવા મહાનગરપાલિકા દ્વારા આથી અનુરોધ કરવામાં આવે છે.

સુપ્રિટેન્ડેન્ટ
ઘરવેરા વિભાગ (મધ્ય)
ભાવનગર મહાનગરપાલિકા

---

પ્રતિ
માન.તંત્રી મહોદયશ્રી,

---

સવિનય ઉપરોક્ત પ્રેસનોટ આપના બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક વર્તમાનપત્રમાં લોકહિતાર્થે વિનામૂલ્યે પ્રસિધ્ધ કરાવવી આપવા નમ્ર વિનંતી છે.

જનસંપર્ક અધિકારી
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર.